### સર્વ વિદ્યાલય સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે

# શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ પર કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૭

યુવા વિદ્યાર્થીનીઓનાં જીવન ઘડતરને ધ્યાનમાં લઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે નાથીબા હોલમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ પર એક કાર્યક્રમ યોજાયો જેમાં શહેરના જાણીતા યોગાચાર્ય અને ટ્રેનર જે. સી. પટેલે ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

અભ્યાસમાં ધ્યાન અને સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા ઉપસ્થિત સૌને તેનો અનુભવ કરાવ્યો હતો તેને જીવનનો ભાગ બનાનવા આહવાન કર્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રણ દિવસીય યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ સર્વ વિદ્યાલય, કડી ખાતે યોજાયો હતો, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ૮ કોલેજના ૭૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ પર આ ત્રણ દિવસીય યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ નિશુલ્ક યોજાયો. જે. સી. પટેલ દ્વારા વિવિધ વિષયો જેમકે ઈમોશનલ મેનેજમેન્ટ, હેલ્થ મેનેજમેન્ટ, ઈન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ અને માઈન્ડ પાવર વિષય ઉપર વિવિધ પ્રવૃતિઓના માધ્યમથી શીખવવામાં આવી હતી અને તેમણે પોતાના જીવના અનુભવોથી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના ઉદઘાટનમાં સમારંભમાં આચાર્ય ડો. કપિલભાઈ ત્રિવેદી, ડો. નીર્મેશભાઈ પટેલ અને ડો. મહેશભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણાપૂરી પાડી હતી જ્યારે સમાપનમાં ડો. ભાવિકભાઈ શાહે ઉપસ્થિત રહી જીવનમાં સફળ થવા ભણવાની સાથે જીવન કૌશલ્ય અને જીવન ઘડતર શીખવાડતા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાની સલાહ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી વોલન્ટીયર તરીકે સુરજ મુંજાણી, હર્ષ અને કૌશિક કલાલ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.




દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્લાસ્ટિક મુક્ત ભારતના સંકલ્પ અંતર્ગત શાહપુર પ્રાથમિક શાળામાં ગ્રીન સ્કુલ પ્રોજેક્ટ અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત શાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની અને શિક્ષકોની એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગામ માં દરેક દુકાન અને લોકોને રૂબરૂ મુલાકાત કરી પ્લાસ્ટીકનો ઉપયોગ નહિ કરવા માટે બાંહેધરી લેવામાં આવી હતી.

## જેએમપી ગોપાલક વિદ્યાસંકુલમાં ઓઝોન દિવસની ઉજવણી






જેએમપી ગોપાલક વિદ્યાસંકુલમાં વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગરના ઉપક્રમે આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ડૉ. અનિલ પટેલ, ડી સી વંકાણી, નરેશ ઠાકર તથા શૈલેષ જયસ્વાલે આ પ્રસંગે શાળામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઓઝન દિવસ અંગે વિગતવાર માહિતી આપી હતી.

શાળા દ્વારા વેસ્ટ પ્લાસ્ટીક એકત્ર કરી પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાનમાં પોતાનું યોગદાન પણ આપવામાં આવ્યું હતું.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ઓઝોન ડેની ઉજવણી કરાઈ







ગાંધીનગર, તા. ૧૭

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ક્લાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગરના રેફ્રિજરેશન, એરકંડિશન્ડ અને ઈલેક્ટ્રોનિક્સ ટ્રેડના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હરેન્દ્રસિંહ પરમાર (ઉપ સચિવ, ક્લાયમેટ ચેન્જ વિભાગ), શ્વેતલ શાહ (ટેકનીકલ એડવાઈઝર, ક્લાયમેટ ચેન્જ વિભાગ), ફાલ્ગુનીબેન (મેનેજર, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી), સ્મિતાબેન પરીખ (પ્રોગ્રામ ઓફિસર, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર, નરેશ ઠાકર (પૂર્વ પીઆરઓ, જીપીસીબી), ડૉ. અનિલ કે પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર) અને ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી એન એ પટેલ, બી કે નાયક, દ્રુતિબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

### જન્મદિને વધામણી



કાનન ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



પ્રાચી પી શાહ



ધ્યાનમ અભિષેક ભટ્ટ
મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩



ધ્યાના મેહુલ મણિયાર



દિશા પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### સૌએ માણ્યું, વખાણ્યું : કલાગુર્જરી, ગાંધીનગર પ્રસ્તુત નાટક - ચાલ લગાવ શરત

# મંથન થિયેટર્સ, સુરતનું નવી કથાની સબળ રજૂઆતનું નાટક : ચાલ લગાવ શરત






ના, ના... અમે કોઈને શરત લગાવવાનું નથી કહેતા... આ તો વાત કરવી છે કલાગુર્જરી, ગાંધીનગરના સભ્યો અને નાટ્યપ્રેમીઓએ તા. ૧૦મીની રાત્રે ટાઉનહૉલમાં માણેલા એક મજેદાર, હાસ્ય અને સંવેદનાસભર સુંદર નાટક વિશે....

હમણાં હમણાં નગરમાં સંગીતના જલસાઓનો દોર ચાલ્યો છે. ગાંધીનગરમાં પ્રવૃત્ત જૂની કલાસંસ્થાઓ તો સરસ થીમ બેઈઝ્ડ મ્યુઝિકલ પ્રોગ્રામ્સ યોજે જ છે પરંતુ સંગીત નાટક અકાદમીના સહયોગથી ઘણા નવા ગાયકો, મ્યુઝિકલ ગૃપ્સ, કરાઓકે ગૃપ્સ દ્વારા પણ ફિલ્મી ગીત-સંગીતના, લોકસંગીતના, ડાયરાના કાર્યક્રમો લગભગ દર સપ્તાહે જોવા-સાંભળવા મળે છે. એ માહોલની વચ્ચે સદા કંઈક નોખું-અનોખું પીરસવા ઈચ્છતી સંસ્થા કલાગુર્જરી, ગાંધીનગરે નાટક પ્રસ્તુત કરી કલારસિકોને નવો કલારસ પાયો એ માટે કે.જી.ના ધૂરાવાહકોને અભિનંદન ઘટે.

આમ તો સંગીતના કાર્યક્રમો સાથે નગરમાં કૉમેડી, સોશિયલ, સસ્પેન્સ-થ્રિલર વગેરે ઘણાં નાટકોના પ્રયોગો થતા રહે છે. ત્યારે કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા યોજાયેલ મંથન થિયેટર, સુરત પ્રસ્તુત દ્વિઅંકી નાટક 'ચાલ લગાવ શરત' નવા જ પ્રકારના કથાનક અને




અલગ-મનનીય મુદ્દા ચચંતુ નાટક હોવાથી પ્રેક્ષકોને જકડી રાખવામાં સફળ રહ્યું.

આજે ચારેકોર બેઈમાની, ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, છળ-કપટ જોવા મળે છે. એવા સમયે કોઈ નખશીખ પ્રામાણિક, સિદ્ધાંતનિષ્ઠ વ્યક્તિને સમાજમાં જીવવાનું કપરું બને એ સહજ છે. પરંતુ વ્યક્તિ જાતે મક્કમ હોય, ગમે તેવી મુશ્કેલીઓ-પ્રશ્નો, પ્રલોભનો આવે તોય ઝૂકે નહીં તો ઈશ્વર પણ એને જરૂર સાથ આપે છે. એવી વાતને નાટ્યલેખકો શ્રી પ્રફુલ્લ ભાવસાર અને શ્રી પંકજ પાઠકજીએ વિવિધ પ્રસંગો સાથે ગૂંથી લઈ એક હસતું-હસાવતું ને રમતું-રમાડતું નાટક આપ્યું છે.

ધાર્મિકતાની નહીં, આધ્યાત્મિકતાની જરૂર છે... અને જે પોતાની ફરજ-કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવે છે એનાથી વિશેષ આધ્યાત્મિક બીજું કોઈ નથી કે ઈશ્વર ક્યારેય કોઈ ચમત્કાર કરતો નથી, પણ માણસ પોતે સંનિષ્ઠ પ્રયત્નો કરે તો ઈશ્વર એને મદદ અવશ્ય કરે છે અને એનું પરિણામ એ જ છે ચમત્કાર. આ અને આવા સરસ ચોટદાર સંવાદોસભર નાટક ચાલ લગાવ શરતમાં અતિ ધાર્મિક વૃત્તિની, સરળ પત્ની અને એવી ધાર્મિકતા, કર્મકાંડ, પૂજા-ધ્યાનમાં બિલકુલ નહીં માનનાર પતિ વચ્ચેની રકઝક પ્રેક્ષકોને હસાવી જાય છે. તો ઘરનું ભાડું ભરવાથી માંડી દીકરાના મોજશોખ માટે રૂપિયાની તાતી જરૂર છતાં પોતાની પ્રામાણિકતા નહીં છોડવાની પતિદેવની મક્કમતાથી સર્જાતી ઉત્તેજના-સંવેદનાની પળો પ્રેક્ષકોને ભીંજવી જાય છે.

'પૃથ્વી પર પાપ વધી ગયાં છે'ની ફરિયાદ લઈ દેવલોકમાં શ્રીકૃષ્ણ પાસે નારદજીનું આવવું, ભગવાનનું સાવ એવું નથી... હજી પૃથ્વી પર પુણ્યશાળી સારા લોકો શ્વસે છે, એમ કહેવું ને પછી જાત તપાસ માટે બંનેનું સાદા વેશમાં પૃથ્વી પર આવવું એવા પ્રારંભિક દૃશ્યથી નાટકનોક રસપ્રદ ઉઘાડ આપવામાં નાટ્યલેખકો અને દિગ્દર્શકની કુશળતા પરખાય છે. ને પછી પૃથ્વી પરના નખશિખ પ્રામાણિક માણસ જગદીશ મહેતાને જોઈ નારદજીનું ચકરાઈ જવું, તેની પરીક્ષા માટે અવનવાં પાત્રો બની, જગદીશ મહેતાનો પ્રલોભનો, ધાક-ધમકી આપી તેની સિદ્ધાંતનિષ્ઠા-સત્યનિષ્ઠા-કર્તવ્ય નિષ્ઠા અને સચ્ચાઈમાંથી ડગાવવાના પ્રયત્નોની નાટ્યાત્મક ઘટનાઓ ન કેવળ નાટકના પ્રવાહને વેગવંતો રાખે છે પણ પ્રેક્ષકોને મજા કરાવી જાય છે. જગદીશ મહેતાના કિરદારને પોતાના સાહજિક અભિનયથી બખૂબી નિભાવી જવા માટે પંકજ પાઠકજીને, જગદીશ મહેતાનાં ધર્મપત્ની ગીતાના પાત્રને જીવંત બનાવવા બદલ બહેન કિન્નરી ભટ્ટને, મહેતાની પ્રકૃતિથી તદ્દન ભિન્ન પ્રકૃતિ ને પ્રવૃત્તિ કરનાર એમના મિત્રનો રોલ કરનાર નાટકના નિર્માતા ભાઈ સલીલ ઉપાધ્યાયને, શ્રીકૃષ્ણનું સુંદર પાત્ર ભજવવા બદલ કલાકાર વિતરાગ શાહ અને એ જ રીતે નારદજી, મકાન માલિક, બિલ્ડર અને અંડર વર્લ્ડના ભાઈ એમ વિવિધ પાત્રોમાં અભિનયનાં અજવાળાં પાથરનાર કલાકાર ભાઈ મંથન ઉપાધ્યાય - સૌને પાત્રાનુરુપ અને સરસ અભિનય માટે અભિનંદન...

નાટકમાં વિવિધ મૂડની પળોને અસરકારક બનાવવામાં બૅકગ્રાઉન્ડ મ્યુઝિક અને ઈફેક્ટીવ લાઈટિંગ્સના ફાળાની પણ નોંધ લેવી જ રહી... અલબત્ત, પહેલા દૃશ્યમાં સાઉન્ડની થોડી ગરબડ અને પહેલા અંક દરમિયાન જગદીશ મહેતાની કંઈક વધુ ફાસ્ટ ડાયલોગ ડિલીવરી પ્રેક્ષકોના ધાર્યા રિસ્પોન્સ મેળવવામાં બાધક બની હોય એવું અનુભવાયું... તો સમગ્ર નાટકમાં વચ્ચે ક્યાંક ક્યાંક એકશન્સ-ઘટનાઓ ઓછી અને વાર્તા વધારેના કારણે નાટ્યપ્રવાહ મંદ પડતો-ઝોલાં ખાતો હોવાના પ્રેક્ષકોના મત સાથે સંમત થવું પડે.

તેમ છતાં એક નવા પ્રકારના નાટ્યસર્જન માટે કથાબીજ આપનાર અમદાવાદના જાણીતા ટીવી નિર્માતા, એક્ટર, ડિરેક્ટર શ્રી પ્રફુલ્લ ભાવસાર તથા લેખક બેલડી પ્રફુલ્લ ભાવસાર-પંકજ પાઠકજી તથા નિવડેલા કુશળ દિગ્દર્શક પંકજ પાઠકજી સાથે છિછરા કે દ્વિઅર્થી કોમેડીવાળા નાટકને બદલે સરસ સંદેશપ્રધાન કોમેડી નાટકના નિર્માણ માટે મંથન થિયેટર્સ, સલીલ ઉપાધ્યાય અભિનંદનના અધિકારી બને છે.

એન્ડ ઓફકોર્સ સૌથી વધુ અભિનંદન તો કલાગુર્જરી, ગાંધીનગરના પ્રમુખ શ્રી એન પી પટેલ, પેટ્રન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા કર્તાહર્તા શ્રી જયરાજસિંહભાઈ સરવૈયા બાપુને આવા સરસ નાટકના આયોજન માટે...!

## અંગ્રેજોનો ગાઢ પરિચય

॥ ત્રીજો મણકો ॥

આમ વિચારતાં ઘડીભર એમ જ થઈ આવે છે કે આ પ્રકરણો લખવાનું માંડી વાળવું એ જ વધારે યોગ્ય ન હોય ? પણ આરંભેલું કામ અનીતિમય છે એમ જ્યાં લગી સ્પષ્ટ ન દેખાય ત્યાં લગી તે ન છોડવું એ ન્યાયે, જ્યાં સુધી અંતર્યામી ન અટકાવે ત્યાં સુધી આ પ્રકરણો લખ્યા કરવાં એ નિશ્ચય ઉપર આવું છું.




આ કથા ટીકાકારોને સંતોષવા નથી લખાતી. સત્યના પ્રયોગોમાંનો આ પણ એક પ્રયોગ જ છે. વળી સાથીઓને તેમાંથી કંઈક આશ્વાસન મળે એ દૃષ્ટિ તો છે જ. આનો આરંભ જ તેમના સંતોષને ખાતર છે. સ્વામી આનંદ અને જેરામદાસ મારી પૂંઠે ન વળગત તો આ આરંભ કદાચ ન જ થાત. તેથી જો આ લખવામાં દોષ થતો હશે તો તેમાં તેઓ ભાગીદાર છે.

હવે મથાળાને અનુસરું. જેમ મેં હિંદી મહેતાઓ અને બીજાઓને ઘરમાં કુટૂંબી તરીકે રાખ્યા તેમ જ અંગ્રેજોને રાખતો થઈ ગયો. આ મારી વર્તણૂક મારી સાથે રહેનારા બધાને અનુકૂળ નહોતી. પણ મેં હઠપૂર્વક તેમને રાખેલા. બધાને રાખવામાં હંમેશાં ડહાપણ જ કર્યું એમ ન કહેવાય. કેટલાક સંબંધોથી કડવા અનુભવો પણ થયા. પણ તે અનુભવ તો દેશી પરદેશી બન્નેને અંગે થયેલા. કડવા અનુભવોને સારુ મને પ્રશ્ચાત્તાપ નથી થયો. કડવા અનુભવો છતાં, અને મિત્રોને અગવડો પડે છે, સોસવું પડે છે એ જાણ્યા છતાં, મારી ટેવ મેં બદલી નથી, ને મિત્રોએ તેને ઉદારતાપૂર્વક સહન કરી છે. નવા નવા માણસોની સાથેના સંબંધો જ્યારે મિત્રોને દુઃખદ નીવડ્યા છે ત્યારે તેમનો દોષ કાઢતાં હું અચકાયો નથી. મારી એવી માન્યતા છે કે આસ્તિક મનુષ્યો, જેમણે પોતામાં રહેલા ઈશ્વરને બધામાં જોવો રહ્યો છે તેમનામાં સહુની જોડે અલિપ્ત થઈને રહેવાની શક્તિ આવવી જોઈએ. અને તે શક્તિ, જ્યાં જ્યાં અણશોધ્યા અવસર આવે ત્યાં ત્યાં, તેથી દૂર ન ભાગતાં, માત્ર નવા નવા સંબંધોમાં પડીને અને તેમાં પડતાં છતાં રાગદ્વેષરહિત રહીને જ કેળવી શકાય છે. એટલે જ્યારે બોઅર-બ્રિટિશ યુદ્ધ શરૂ થયું ત્યારે મારું ઘર ભરેલું છતાં મેં જોહાનિસબર્ગથી આવેલા બે અંગ્રેજોને સંઘર્યા. બન્ને થિયૉસૉફિસ્ટ હતા. તેમાંના એકનું નામ કિચન હતું, જેમનો પ્રસંગ આપણને હવે પછી પણ કરવો પડશે. આ મિત્રોના સહવાસે પણ ધર્મપત્નીને તો રડાવી જ હતી. તેને નસીબે મારે નિમિત્તે રડવાના પ્રસંગો તો અનેક આવ્યા છે. આટલા નિકટ સંબંધમાં કંઈ પણ પડદા વિના અંગ્રેજોને ઘરમાં રાખવાનો મારો આ પહેલો અનુભવ હતો. ઈંગ્લંડમાં હું તેમના ઘરમાં રહેલો ખરો. ત્યારે તેમની રહેણીને હું વશ રહ્યો હતો, ને તે રહેવું લગભગ વીશીમાં રહેવા જેવું હતું. અહીં તેથી ઊલટું હતું. આ મિત્રો કુટુંબીજન થયા. તેઓ ઘણે અંશે હિંદી રહેણીને અનુસર્યા. ઘરમાં બહારનું રાચરચીલું જોકે અંગ્રેજી ઢબનું હતું, છતાં અંદરની રહેણી અને ખોરાક વગેરે મુખ્યત્વે હિંદી હતાં. તેમને રાખતાં જોકે કેટલીક મુશ્કેલીઓ ઊભી થયાનું મને સ્મરણ છે, છતાં એમ અવશ્ય કહી શકું છું કે બન્ને જણ ઘરનાં બીજાં માણસો સાથે ભળી ગયા હતા. જોહાનિસબર્ગમાં આ સંબંધો ડરબનના કરતાં વધારે આગળ ગયા.

સૌજન્ય : સત્યના પ્રયોગો